કારેલીબાગ પાણીની ટાંકી સામે ડ્રેનેજ ઉભરાઇ

સ્થાનિકો નરકાગારમાં જીવવા મજબૂર

વોર્ડ નં. ૭ માં ભવાની અને ગુલમર્ગ સોસાયટીના રહીશો પર આરોગ્યનું જોખમ, તાત્કાલિક ઉકેલની માગ

(પ્રતિનિધિ) વડોદરા તા.૬

વોર્ડ નંબર ૭ માં આવેલા કારેલીબાગ વિસ્તારમાંથી પાલિકાની કથળતી ગટર વ્યવસ્થાની ગંભીર બેદરકારી સામે આવી છે. કારેલીબાગ પાણીની ટાંકીની બિલકુલ સામે આવેલી ભવાની સોસાયટી અને ગુલમર્ગ સોસાયટી પાસે છેલ્લા ત્રણ-ચાર દિવસથી સતત ડ્રેનેજ લાઈન ઉભરાઈ રહી છે. જાહેર રોડ પર દુર્ગંધમારતા ગંદા પાણી ફરી વળતા સ્થાનિક રહીશોમાં પાલિકા તંત્ર સામે ભારે રોષ જોવા મળી રહ્યો છે. મુખ્ય રસ્તા અને સોસાયટીના પ્રવેશદ્વાર પાસે જ ગટરના પાણી ભરાઈ રહેતા સ્થાનિકો માટે ઘરમાંથી બહાર નીકળવું પણ દુષ્કર બની ગયું છે. તીવ્ર દુર્ગંધના કારણે આસપાસના વિસ્તારમાં શ્વાસ લેવો મુશ્કેલ બન્યો છે અને સ્થાનિકો સતત દુર્ગંધમય વાતાવરણમાં રહેવા મજબૂર બન્યા છે. માર્ગ પરથી પસાર થતા વાહનચાલકો અને રાહદારીઓને પણ આ ગંદકીમાંથી પસાર થવું પડી રહ્યું છે, જેના કારણે અકસ્માત અને મચ્છરોનો ઉપદ્રવ વધવાની ભીતિ સેવાઈ રહી છે. છેલ્લા કેટલાક દિવસોથી ચાલતી આ સમસ્યાને કારણે સ્થાનિક ૨ હીશોમાં કોઈ મોટો રોગચાળો ફાટી નીકળે તેવી દહેશત વ્યાપી ગઈ છે. ચોમાસા કે સામાન્ય દિવસોમાં પણ આવી ગંદકીના સામ્રાજ્ય વચ્ચે જીવવું એ આરોગ્ય સામે મોટું જોખમ ઊભું કરે છે. રહીશોનું કહેવું છે કે વારંવારની રજૂઆતો છતાં પાલિકાના જવાબદાર અધિકારીઓ કે કર્મચારીઓ દ્વારા હજુ સુધી કોઈ નક્કર કામગીરી કરવામાં આવી નથી. સ્થાનિકોએ ઉગ્ર માંગ કરી છે કે વોર્ડ નંબર ૭ ના જવાબદાર અધિકારીઓ તાત્કાલિક ધોરણે આ સમસ્યાની નોંધ લે અને ડ્રેનેજ લાઈનની સફાઈ કરાવીને ઉભરાતા પાણીનો કાયમી ઉકેલ લાવે. જો આગામી સમયમાં આ ગંભીર સમસ્યાનો ત્વરિત નિકાલ નહીં લાવવામાં આવે તો વિસ્તારના રહીશો દ્વારા વિરોધ પ્રદર્શન કરવાની પણ ચીમકી ઉચ્ચારવામાં આવી છે.



વહીવટી અને નાણાકીય સત્તા મ્યુનિ. કમિશનરને સોંપાઇ

ગરબા વારસાને જાળવવા વડોદરા પાલિકા ભવ્ય ગરબા સ્પર્ધા યોજશે

(પ્રતિનિધિ) વડોદરા તા.૬

રાજ્ય સરકારની સૂચના અને માર્ગદર્શિકા મુજબ વડોદરા મહાનગરપાલિકા દ્વારા શહેરમાં સાંસ્કૃતિક અને પરંપરાગત પ્રવૃત્તિઓને પ્રોત્સાહન આપવાના ભાગરૂપે શહેર કક્ષાની ગરબા સ્પર્ધાનું ભવ્ય આયોજન કરવાની તડામાર તૈયારીઓ શરૂ કરવામાં આવી છે. આ અંગેની સત્તાવાર દરખાસ્ત પાલિકાની રીક્રિએશનલ અને કલ્ચરલ સમિતિ સમક્ષ રજૂ કરવામાં આવી હતી, જેને સમિતિ દ્વારા સર્વાનુમતે મંજૂર કરી દેવામાં આવી છે.

આ ગરબા સ્પર્ધાના આયોજનનો મુખ્ય હેતુ વડોદરાની સમૃદ્ધ ગરબા પરંપરા અને આગવી સંસ્કૃતિને જાળવી રાખવાનો તથા તેને આવનારી પેઢી સુધી પહોંચાડવાનો છે. વડોદરા શહેરની ગરબા સંસ્કૃતિ દેશ અને વિદેશમાં પોતાની ખાસ ઓળખ ધરાવે છે. આ વારસાને વધુ પ્રોત્સાહન મળે તેમજ સ્થાનિક ગરબા કલાકારો અને વિવિધ ગરબા મંડળોને પોતાની કળા રજૂ કરવા માટેનું યોગ્ય મંચ મળી રહે તે માટે આ વિશેષ આયોજન હાથ ધરવામાં આવ્યું છે. મહાનગરપાલિકા દ્વારા આ સ્પર્ધામાં પ્રાચીન અને અર્વાચીન એમ બંને પ્રકારના ગરબાનો સમાવેશ કરવામાં આવશે. સ્પર્ધામાં શ્રેષ્ઠ દેખાવ કરનાર કલાકારો અને મંડળોને પ્રોત્સાહિત કરવા માટે રોકડ ઈનામો તથા પુરસ્કાર પણ એનાયત કરવામાં આવશે. મંજૂર થયેલા નિયમો અને માળખા અ નુસાર આ આખી સ્પર્ધા પાછળ અંદાજે રૂ. ૩,૧૦,૦૦૦ (ત્રણ લાખ દસ હજાર) નો સંભવિત ખર્ચ થવાનો અંદાજ રાખવામાં આવ્યો છે. આ સ્પર્ધા કઈ તારીખે અને કયા સ્થળે યોજવી તેનો આખરી નિર્ણય આગામી દિવસોમાં મળનારી અરજીઓ અને એન્ટ્રીઓની સંખ્યાના આધારે કરવામાં આવશે.



પોલીસે રૂા.૧.૪૧ લાખનો મુદ્દામાલ કબજે કર્યો

બે મોપેડના ચોરખાનામાં છુપાવેલી ૪૫૫ બોટલ મળી



(પ્રતિનિધિ) વડોદરા તા.૬

બાપોદ પોલીસને પેટ્રોલિંગ દરમિયાન બે સ્કૂટરમાં દારૂની હેરાફેરીની બાતમી મળતાં પોલીસે વોચ ગોઠવી બે એક્ટિવા ઝડપી પાડી હતી. જોકે, મોપેડ ખોલતાં પોલીસ પણ ચોંકી ગઈ હતી. બંને ટુ-વ્હીલરમાં અલગ-અલગ ચોરખાનાં બનાવી તેમાં દારૂની બોટલો સંતાડવામાં આવી હતી.બાપોદ પોલીસે બે એક્ટિવા અટકાવી તેમાં સવાર અલ્કેશ અરવિંદ રાઠવા અને સુનિલ પ્રતાપ રાઠવાની ધરપકડ કરી હતી. તપાસ કરતાં બંને સ્કૂટરમાંથી 455 દારૂની બોટલ, કિંમત રૂ.91 હજાર મળી આવી હતી. ચોરખાનામાં સંતાડેલો જથ્થો બહાર કાઢવામાં પોલીસને પણ ભારે જહેમત કરવી પડી હતી. પોલીસે બંને એક્ટિવા અને બે મોબાઈલ સહિત રૂ.1.41 લાખનો મુદ્દામાલ કબજે કર્યો હતો. પ્રાથમિક તપાસમાં દારૂનો જથ્થો લક્ષ્મીબેન અર્જુનભાઈ માળીએ મંગાવ્યો હોવાનું સામે આવ્યું છે. જ્યારે દારૂનો જથ્થો પૂરો પાડનાર સહિત અન્ય આરોપીઓને ઝડપી પાડવા પોલીસે તપાસ શરૂ કરી છે.

મેડિકલ-ડેન્ટલમાં પ્રવેશ,આજથી ૧૦ ઓક્ટોબર સુધી ચોઈસ ફિલિંગ ચાલશે

(પ્રતિનિધિ) અમદાવાદ, તા.06

રાજ્યમાં મેડિકલ અને ડેન્ટલની પ્રવેશ પ્રક્રિયામાં સતત બેઠકો ખાલી પડી રહી છે. બે રાઉન્ડના અંતે 775 બેઠકો ખાલી રહેતા હવે ત્રીજા રાઉન્ડની જાહેરાત કરવામાં આવી છે. આજથી ચોઈસ ફિલિંગ શરૂ થયું છે, જે 10 ઓક્ટોબર સુધી ચાલશે. બે રાઉન્ડ દરમિયાન પ્રવેશ કન્ફર્મ કરાવી દીધા બાદ 64 વિદ્યાર્થીએ પ્રવેશ રદ કરાવ્યો છે. બીજા રાઉન્ડમાં કોલેજ ફાળવાઈ હોવા છતાં 711 વિદ્યાર્થીઓએ પ્રવેશ લેવાનું ટાળ્યું હતું. ડેન્ટલની સરખામણીએ મેડિકલમાં ખાલી બેઠકોની સંખ્યા વધુ છે. ત્રીજા રાઉન્ડમાં એમબીબીએસની કુલ 471 ખાલી બેઠકો ઉપલબ્ધ બની છે, જેમાં મેડિકલમાં 43 નોન-રિપોર્ટેડ અને 32 વિદ્યાર્થીઓએ પ્રવેશ રદ કરાવ્યો હતો. જ્યારે ડેન્ટલમાં 272 નોન-રિપોર્ટેડ અને 32ના પ્રવેશ રદ થતાં કુલ 304 બેઠકો ખાલી પડી છે. પ્રવેશ રદ કરાવવાની પ્રક્રિયા દરમિયાન વધુ 64 ઉમેદવારોની રૂ.6.40 લાખ જેટલી ડિપોઝિટ જપ્ત કરી મેરીટમાંથી પણ હટાવી દેવામાં આવ્યા છે.

તંત્રની બેદરકારીથી સતત ભયના ઓથાર હેઠળ જીવતા લોકો

છાણી જકાતનાકા પાસે લિકેજ રિપેરિંગ બાદ ખાડો ના પૂરાતા રોગચાળાનો ભય

(પ્રતિનિધિ) વડોદરા તા.૬

વડોદરા શહેરના ઉત્તર વિસ્તારમાં આવેલા છાણી જકાતનાકા પાસે તંત્રની ઘોર બેદરકારી સામે આવી છે. અહીં બેંક ઓફ બરોડાની બિલકુલ સામે છેલ્લા દસ દિવસથી પાણી પુરવઠા વિભાગ દ્વારા હાથ ધરાયેલી લીકેજ રિપેરિંગની કામગીરી બાદ ખાડાને સુરક્ષિત કર્યા વગર જ ખુલ્લો છોડી દેવાતાં વાહનચાલકો અને રાહદારીઓ માટે ભારે જોખમ ઊભું થયું છે. સ્થાનિક રહીશોના જણાવ્યા મુજબ તંત્ર દ્વારા યોગ્ય બેરીકેડિંગ કે ચેતવણી દર્શાવતા સાઈનબોર્ડ મૂકવામાં આવ્યા નથી, જેના કારણે રાત્રિના સમયે અકસ્માતોની શ્રેણી શરૂ થઈ ચૂકી છે. રિપેરિંગ કામગીરી પૂર્ણ થયાના દિવસો બા દ પણ સુરક્ષાના કોઈ પગલાં ન લેવાતાં સ્થાનિકોમાં તંત્ર સામે તીવ્ર આક્રોશ વ્યાપ્યો છે. રહીશોએ આ અંગે પાણી પુરવઠા વિભાગના જવાબદાર અધિકારી વણઝારા ભાઈનું ધ્યાન પણ દોર્યું હતું, છતાં સ્થળ પર કોઈ સુધારાત્મક કાર્યવાહી કરવામાં આવી નથી. સ્થાનિક લોકો હવે આકરા સવાલો ઉઠાવી રહ્યા છે કે જો આ ખુલ્લા ખાડાના કારણે કોઈ નાગરિકનો જીવ જાય કે મોટી દુર્ઘટના સર્જાય તો તેની જવાબદારી કોની રહેશે? શું મહાનગરપાલિકાનું તંત્ર કોઈ મોટો અકસ્માત થાય ત્યારબાદ જ જાગશે? પરિસ્થિતિ અત્યારે એટલી ગંભીર બની ગઈ છે કે વરસાદી કાંસ તૂટી જવાના કારણે આસપાસનું ગંદુ ડ્રેનેજનું પાણી પણ આ ખુલ્લા ખાડામાં એકત્રિત થઈ રહ્યું છે. ખાડામાં ભરાયેલા ગંદા પાણીમાંથી અસહ્ય દુર્ગંધ મારી રહી છે અને આખી જગ્યા ગંદકીનું સામ્રાજ્ય બની ગઈ છે. આના કારણે આસપાસના વિસ્તારમાં મચ્છરોનો ઉપદ્રવ વધ્યો છે અને રોગચાળો ફાટી નીકળવાની દહેશત વર્તાઈ રહી છે. એક તરફ અકસ્માતનો ભય અને બીજી તરફ આરોગ્ય પર તોળાતું જોખમ સ્થાનિકો માટે બેવડી મુશ્કેલી સમાન બની ગયું છે. વડોદરા મહાનગરપાલિકા દ્વારા વિવિધ વિસ્તારોમાં લીકેજની કામગીરી કરવામાં આવે છે, પરંતુ કામગીરી બાદ સ્થળને પૂર્વવત કરવાની કે યોગ્ય બેરીકેડિંગ કરવાની નીતિનો અભાવ સ્પષ્ટપણે દેખાઈ રહ્યો છે. છાણી જકાતનાકા જેવા વ્યસ્ત વિસ્તારમાં આવી લાપરવાહીથી પ્રજા ત્રાહિમામ પોકારી ઉઠી છે.



પેટ્રોલ ઓછું આપવાના વિવાદમાં મારામારી

સરદાર એસ્ટેટ નજીક પેટ્રોલ પંપ પર બબાલ, યુવાન ઘાયલ

(પ્રતિનિધિ) વડોદરા, તા.૬

વડોદરા શહેરના સરદાર એસ્ટેટથી આજવા રોડ તરફ આવેલા ભારત પેટ્રોલિયમ પંપ પર પેટ્રોલની માત્રાને લઈને થયેલા વિવાદમાં મારામારીની ઘટના સામે આવી છે. આ ઘટનામાં એક યુવાન ગંભીર રીતે ઘાયલ થયો હોવાનું જાણવા મળી રહ્યું છે. પ્રાપ્ત વિગત મુજબ, પેટ્રોલ પુરાવવા આવેલા કેટલાક યુવાનોએ પેટ્રોલ ઓછું આપવામાં આવ્યું હોવાની ફરિયાદ કરતા પંપના કર્મચારીઓ સાથે બોલાચાલી થઈ હતી. આક્ષેપ મુજબ, ત્યારબાદ પંપના કર્મચારીઓના પરિચિત હોવાનું જણાવતા કેટલાક અન્ય શખ્સો ત્યાં ધસી આવ્યા હતા અને પેટ્રોલ પુરાવવા આવેલા યુવાનો સાથે ઝપાઝપી કરી હતી. પેટ્રોલ પંપના કર્મચારીઓએ એવો બચાવ કર્યો હતો કે, મારામારી કરનારા યુવાનો નશાની હાલતમાં હતા. જ્યારે સામા પક્ષે એટલે કે ઈજાગ્રસ્તના મિત્રોએ આ વાતને નકારી કાઢી જણાવ્યું હતું કે, તેઓ નશામાં નહોતા, માત્ર પેટ્રોલની માત્રા અંગે પૂછપરછ કરી રહ્યા હતા. ઈજાગ્રસ્તના મિત્રોનો આક્ષેપ છે કે, બોલાચાલી દરમિયાન સામા પક્ષે છુટ્ટા હાથે માર મારવા ઉપરાંત પથ્થર અને ઈંટોથી હુમલો કર્યો હતો. હુમલામાં એક યુવાન ગંભીર રીતે ઘાયલ થઈ બેભાન થઈ ગયો હતો, જેને તેના મિત્રો ટુ-વ્હીલર પર હોસ્પિટલ લઈ ગયા હતા.

ઘાયલને હોસ્પિટલ લઈ જવામાં વિલંબ થયો હોવાનો અને હુમલાખોરો ઘટના બાદ પણ પંપ પર જ બેસી રહ્યા હોવાનો પણ આક્ષેપ કરવામાં આવ્યો છે. હાલ ઘાયલ યુવાનની હાલત ગંભીર હોવાનું જાણવા મળ્યું છે. આ સમગ્ર મામલે પોલીસ દ્વારા તપાસ કરી જવાબદારો સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે તેવી માંગ ઉઠી છે.

સ્થાનિકોની વોર્ડ નં.-૧ પાસે કડક કાર્યવાહી અને સ્થળ તપાસની માંગ

‘સ્વચ્છતા અભિયાન’ના દાવાઓ વચ્ચે ચિસ્તિયા નગર ચાર રસ્તા નરકાગાર બન્યું

(પ્રતિનિધિ) વડોદરા તા.૬

એક તરફ સમગ્ર શહેરમાં સ્વચ્છતા અભિયાન અને સ્વચ્છતા પખવાડિયાની ઉજવણીના નામે પાલિકાના ઉચ્ચ અધિકારીઓ, મ્યુનિસિપલ કમિશનર અને રાજકીય નેતાઓ હાથમાં ઝાડુ પકડીને કેમેરા સામે ફોટો સેશન કરાવવામાં વ્યસ્ત છે, ત્યારે બીજી તરફ વડોદરાના અનેક વિસ્તારોમાં કચરાના સામ્રાજ્ય વચ્ચે સામાન્ય નાગરિકો નરકાગાર જેવી જિંદગી જીવવા મજબૂર બન્યા છે. પાલિકાના નેતાઓ અને અધિકારીઓના આ વ્હાઈટ કોલર દેખાડા વચ્ચે શહેરના છાણી જકાત નાકા પાસે આવેલા ચિસ્તિયા નગર ચાર રસ્તા વિસ્તારમાં સ્વચ્છતાના ધજાગરા ઉડતા જોવા મળી રહ્યા છે. સ્થાનિકો દ્વારા કરવામાં આવેલી ગંભીર ફ રિયાદો અનુસાર, ચિસ્તિયા નગર ચાર રસ્તા પર મુખ્ય જાહેર રસ્તા ઉપર જ ગેરકાયદેસર રીતે શાક માર્કેટ ઊભું કરી દેવામાં આવ્યું છે. આ દબાણોના કારણે દિવસ અને ખાસ કરીને રાત્રિના સમયે અતિશય ટ્રાફિક જામની સ્થિતિ સર્જાય છે. શાકભાજીની લારીઓ અને પાથરણાંવાળાઓએ મુખ્ય માર્ગ કવર કરી લેતા વાહનચાલકોને અવરજવર કરવામાં ભારે મુશ્કેલીનો સામનો કરવો પડે છે. રાત્રિના સમયે ધંધો-રોજગાર આટોપાઈ ગયા બાદ શાકભાજીના વેપારીઓ બગડેલો માલ, શાકભાજીનો કચરો અને પ્લાસ્ટિક ખુલ્લા રસ્તા પર જ છોડીને ચાલ્યા જાય છે. માત્ર શાક માર્કેટ જ નહીં, પરંતુ માર્કેટની આસપાસ આવેલી હોસ્પિટલ, બ્લેન્કેટના વેપારીઓ તેમજ ઈંડા, ચાઈનીઝ, મટન અને અન્ય ખાણી-પીણીની હોટલ ધરાવતા ધંધાર્થીઓ દ્વારા પણ એઠવાડ અને દૂષિત કચરો જાહેર રોડ પર જ ઠાલવવામાં આવે છે. ખુલ્લામાં કચરો ફેંકાતો હોવાથી વિસ્તારમાં દુર્ગંધ ફેલાય છે અને રોગચાળો ફાટી નીકળવાની ભીતિ સેવાઈ રહી છે.



ઈજાગ્રસ્ત બાળકને સયાજી હોસ્પિટલમાં ખસેડાયું

જેતલપુર બ્રિજ પાસે એક્ટિવા ચાલકે બાળકને ટક્કર મારી

(પ્રતિનિધિ), વડોદરા. તા.૬

શહેરમાં અકસ્માતોની વણઝાર વચ્ચે વધુ એક ગમખ્વાર અકસ્માતની ઘટના સામે આવી છે. શહેરના જેતલપુર બ્રિજ નજીક કેન્સર હોસ્પિટલની સામે એક પૂરપાટ ઝડપે દોડી રહેલા અજાણ્યા એક્ટિવા ચાલકે 3 વર્ષના માસૂમ બાળકને અડફેટે લીધો હતો. આ અકસ્માતમાં બાળકને ડાબા હાથના પંજા પર ગંભીર ઈજાઓ પહોંચતા તાત્કાલિક સારવાર અર્થે સયાજી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. વડોદરાના જેતલપુર બ્રિજ નજીક રહેતા ૩ વર્ષીય ભવ્ય યોગેશભાઈ મકવાણા કોઈક કામસર બ્રિજ ઉતરી રહ્યા હતા તે દરમિયાન આ દુર્ઘટના ઘટી હતી. પૂરપાટ ઝડપે અને બેફામ રીતે આવી રહેલા અજાણ્યા એક્ટિવા ચાલકે નાનકડા ભવ્યને જોરદાર ટક્કર મારી હતી. ટક્કર એટલી જોરદાર હતી કે બાળક રોડ પર ફંગોળાઈ ગયો હતો અને તેના ડાબા હાથના પંજા પર ઈજાઓ થઈ હતી. અકસ્માત સર્જીને એક્ટિવા ચાલક ઘટના સ્થળેથી વાહન પૂરપાટ હંકારી ફરાર થઈ ગયો હતો. ઘટનાને પગલે આસપાસના સ્થાનિક લોકો અને રાહદારીઓ તાત્કાલિક મદદે દોડી આવ્યા હતા. ઈજાગ્રસ્ત ભવ્યને તાત્કાલિક ધોરણે વડોદરાની સયાજી હોસ્પિટલ ખાતે સારવાર અર્થે લઈ જવામાં આવ્યો હતો, જ્યાં તબીબોની દેખરેખ હેઠળ તેની સારવાર ચાલી રહી છે. શહેરના વ્યસ્ત વિસ્તારોમાં સ્પીડ બ્રેકરના અભાવે અથવા વાહનચાલકોની બેદરકારીના કારણે અવારનવાર આવા અકસ્માતો સર્જાતા હોય છે. આ ઘટનાને પગલે સ્થાનિક રહીશોમાં વાહનચાલકો સામે રોષ જોવા મળી રહ્યો છે. પોલીસે અજાણ્યા એક્ટિવા ચાલક વિરુદ્ધ કાર્યવાહી હાથ ધરીને વધુ તપાસ શરૂ કરી છે.

ઘરમાંથી પાણીની બોટલો પણ તસ્કરો ઉઠાવી ગયા

તરસાલીમાં તસ્કરોનો તરખાટ યથાવત, નકુચો તોડી ઘરમાં ઘૂસ્યા

(પ્રતિનિધિ) વડોદરા, તા.૬

તહેવારોના માહોલ વચ્ચે તરસાલી વિસ્તારમાં તસ્કરોએ પોલીસને પડકાર ફેંક્યો હોય તેમ ચંદ્રનગર સોસાયટીના મકાનને નિશાન બનાવ્યું હતું. તસ્કરોએ મકાનના મુખ્ય દરવાજાનું નકુચું તોડી ઘરમાં પ્રવેશ કરી તિજોરી અને બેગમાંથી રોકડ તથા સોના-ચાંદીના દાગીના સહિત અઢીથી ત્રણ લાખ રૂપિયાનો મુદ્દામાલ ચોરી લીધો હતો. ચોંકાવનારી બાબત એ છે કે ચોરી કર્યા બાદ તસ્કરો ઘરમાંથી પાણીની બોટલો પણ લઈ ગયા હોવાનું મકાન માલિકે જણાવ્યું હતું. વડોદરાના તરસાલી વિસ્તારમાં આવેલી ચંદ્રનગર સોસાયટીમાં ઘર નંબર 128માં ગત મોડી રાત્રે તસ્કરોએ હાથ ફેરો કર્યો હતો. તસ્કરોએ મકાનના મુખ્ય દરવાજાનું નકુચું તોડી ઘરમાં પ્રવેશ કર્યો હતો. ત્યારબાદ ઘરમાં રાખેલી તિજોરી તેમજ બેગની તલાશી લઈ તેમાં મુકેલા રોકડા રૂપિયા 50 હજાર ઉપરાંત સોના-ચાંદીના દાગીના સહિત અંદાજે અઢીથી ત્રણ લાખ રૂપિયાની કિંમતનો મુદ્દામાલ ચોરી કરી ફરાર થઈ ગયા હતા. ચોરીની ઘટનાની જાણ થતાં મકાન માલિકે મકરપુરા પોલીસને જાણ કરી હતી. બનાવની માહિતી મળતા પોલીસની ટીમ સ્થળ પર પહોંચી હતી અને તપાસ શરૂ કરી હતી. તસ્કરો સુધી પહોંચવા માટે પોલીસે આસપાસના વિસ્તારના CCTV કેમેરાના ફૂટેજ સહિતના મુદ્દાઓની તપાસ હાથ ધરી છે. ચોંકાવનારી વાત એ છે કે તસ્કરો રોકડ અને દાગીના સહિતની કિંમતી ચીજવસ્તુઓ ચોરી ગયા બાદ ઘરમાંથી પાણીની બોટલો પણ લઈ ગયા હોવાનું મકાન માલિકે જણાવ્યું હતું.



ડ્રોનથી બે દિવસ સર્વેલન્સ બાદ ખોડિયારનગરમાં ત્રણેયને કોર્ડન કર્યા

ગુજસીટોકના કેસમાં જામીન પર છૂટેલો અને ૧૭ ગુનામાં વોન્ટેડ આરોપી બે સાગરિતો સાથે ઝડપાયો

રૂ.4.68 લાખના સોના-ચાંદીના દાગીના સહિત મુદ્દામાલ કબજે, 6 ઘરફોડ અને એક વાહનચોરીનો ભેદ ઉકેલાયો

(પ્રતિનિધિ) વડોદરા, તા.૬

ગુજસીટોકના ગુનામાં જામીન પર રહેલો અને ઘરફોડ ચોરી તેમજ પોલીસ પર હુમલા સહિતના 17 ગુનામાં વોન્ટેડ રીઢો આરોપી ગુરુમુખસિંગ કલ્લુસિંગ બાવરી તેના બે સાગરીતો સાથે ઝડપાયો છે. ક્રાઈમ બ્રાન્ચે ડ્રોનથી બે દિવસ સુધી સર્વેલન્સ કર્યા બાદ ખોડિયારનગરમાંથી ગુરુમુખસિંગ કલ્લુસિંગ બાવરી, રહે. સંતોષીનગર, લીમડી પાસે, ખોડિયારનગર, વડોદરા. દશરથભાઈ દિલીપભાઈ મારવાડી, રહે. સંતોષીનગર, લીમડી પાસે, ખોડિયારનગર, વડોદરા. કિરપાલસિંગ ઝેરીલસિંગ જુની, રહે. રામદેવનગર-1, સરદાર એસ્ટેટ પાછળ, આજવા રોડ, વડોદરા.ને ઝડપી લીધા હતા. આરોપીઓ પાસેથી રૂ.4.68 લાખથી વધુ કિંમતના સોના-ચાંદીના દાગીના સહિતનો મુદ્દામાલ મળી આવ્યો છે. પૂછપરછમાં છેલ્લા પાંચ મહિનામાં વડોદરા શહેરમાં 6 રાત્રી ઘરફોડ અને એક મોટરસાઈકલ ચોરી મળી 7 ગુનાને અંજામ આપ્યાનું સામે આવ્યું છે. ક્રાઈમ બ્રાન્ચની ટીમો વડોદરા શહેરમાં બનેલી અનડીટેક્ટ ઘરફોડ ચોરીના ગુનાઓની તપાસ કરી રહી હતી. આ દરમિયાન CCTV ફૂટેજ, ટેકનિકલ સર્વેલન્સ અને હ્યુમન સોર્સ મારફતે મળેલી માહિતીના આધારે રીઢો આરોપી ગુરુમુખસિંગ કલ્લુસિંગ બાવરી તેના બે સાગરીતો સાથે ચોરીના ગુનાઓમાં સંડોવાયેલ હોવાની માહિતી મળી હતી. ગુરુમુખસિંગ અગાઉ અનેક ગુનાઓમાં ઝડપાઈ ચૂક્યો હોવાથી વારંવાર પોતાના આશ્રયસ્થાન બદલતો હતો અને દિવસ દરમિયાન શહેરથી દૂર અલગ-અલગ જગ્યાએ છુપાઈ રહેતો હતો. જોકે, છેલ્લા એક અઠવાડિયાથી ખોડિયારનગરના સંતોષીનગર વિસ્તારમાં આવેલા એક મકાનમાં તેની અવરજવર હોવાની બાતમી મળી હતી. જેના આધારે ક્રાઈમ બ્રાન્ચે સતત બે દિવસ સુધી ડ્રોન દ્વારા સમગ્ર વિસ્તારનું સર્વેલન્સ કર્યું હતું. દરમિયાન બાતમી મળી હતી કે ગુરુમુખસિંગ બાવરી તથા તેના બે સાગરીતો ખોડિયારનગરમાં હાજર છે. જેથી ક્રાઈમ બ્રાન્ચની અલગ-અલગ ટીમોએ ડ્રોનની મદદથી ત્રણેયને લોકેટ કરી સંભવિત ભાગવાના રસ્તાઓ કોર્ડન કર્યા હતા. પોલીસની ટીમો બાતમીવાળી જગ્યાએ પહોંચતા ત્રણેય આરોપીઓ ચોરીના મુદ્દામાલ સાથે અલગ-અલગ દિશામાં ભાગવા લાગ્યા હતા. જોકે, પોલીસે પીછો કરી ત્રણેયને ઝડપી પાડ્યા હતા. પકડાયેલા આરોપીઓએ છેલ્લા પાંચ મહિનામાં વડોદરા શહેરમાં 6 રાત્રી ઘરફોડ ચોરી અને એક મોટરસાઈકલ ચોરી મળી 7 ગુના આચર્યા હોવાનું ખુલ્યું છે. આ પૈકી સમા, મકરપુરા, વાડી અને છાણી પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા ઘરફોડ ચોરી અને વાહનચોરીના ગુનાઓનો ભેદ ઉકેલાયો છે. આરોપીઓને સંબંધિત પોલીસ સ્ટેશનોને સોંપી આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી છે.



વૃદ્ધો માટે દર ગુરુવારે નિઃશુલ્ક આરોગ્ય માર્ગદર્શન

(પ્રતિનિધિ) વડોદરા, તા.૬

શહેરમાં માનવસેવા માટે કાર્યરત સયાજીગંજ સ્થિત વાકળ નિદાન કેન્દ્ર ખાતે વૃદ્ધ વડીલો માટે નિઃશુલ્ક આરોગ્ય માર્ગદર્શનનો વિશેષ કાર્યક્રમ શરૂ કરવામાં આવ્યો છે. આ કાર્યક્રમ અંતર્ગત શહેરના જાણીતા આયુર્વેદ નિષ્ણાત તથા સ્વસ્થ જીવનશૈલીના માર્ગદર્શક ડો. રાજેન્દ્ર કે. હાથી દર ગુરુવારે વૃદ્ધોને આરોગ્ય સંબંધિત માર્ગદર્શન અને સ્વસ્થ જીવનશૈલી અંગે સલાહ આપશે. વાકળ નિદાન કેન્દ્રના રૂમ નં. ૫ ખાતે દર ગુરુવારે સવારે ૧૦થી બપોરે ૧ વાગ્યા સુધી આ સેવા ઉપલબ્ધ રહેશે. કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ વૃદ્ધ વડીલોને તેમના રોજિંદા જીવનમાં સ્વાસ્થ્ય જાળવવા માટે જરૂરી માર્ગદર્શન પૂરું પાડવાનો છે. આ પ્રસંગે ડો. રાજેન્દ્ર કે. હાથી દ્વારા વડીલોની આરોગ્ય સંબંધિત વિવિધ બાબતો અંગે માર્ગદર્શન આપવામાં આવશે તેમજ સ્વસ્થ જીવનશૈલી અપનાવવા માટે જરૂરી સૂચનો આપવામાં આવશે. નિઃશુલ્ક સેવા હોવાથી જરૂરિયાતમંદ વડીલો તેનો લાભ લઈ શકશે.

એમ.એસ. યુનિવર્સિટીમાં લોકસંસ્કૃતિનો સંગમ

નૃત્ય વિભાગના વર્કશોપમાં ગરબાના મૂળ સ્વરૂપની સમજ આપવામાં આવી

(પ્રતિનિધિ) વડોદરા, તા.૬

મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી ઓફ બરોડાની ફેકલ્ટી ઓફ પરફોર્મિંગ આર્ટ્સના નૃત્ય વિભાગ દ્વારા ફેકલ્ટીના કોન્સર્ટ હોલ ખાતે ગરબા વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. આ વર્કશોપમાં નૃત્ય, સંગીત અને ગુજરાતી લોકપરંપરાના જાણીતા વરિષ્ઠ કલાકાર વિદુષી પારુલ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. તેમણે વિદ્યાર્થીઓને ગરબાની પરંપરા, તેની વિશિષ્ટ શૈલી, તાલ-લય, હસ્તમુદ્રાઓ અને પગલાં અંગે ઊંડાણપૂર્વક માર્ગદર્શન આપ્યું હતું અને પ્રાયોગિક નિદર્શન પણ કરાવ્યું હતું. નૃત્ય વિભાગના અધ્યક્ષ પ્રો. ડો. સ્મૃતિ વાઘેલાએ જણાવ્યું હતું કે, આ વર્કશોપનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓને ગુજરાતી લોકનૃત્યની સમૃદ્ધ પરંપરાથી પરિચિત કરાવવાનો છે. ગરબાને યુનેસ્કો દ્વારા માન્યતા મળી છે. ત્યારે આપણી જવાબદારી છે કે, આ પરંપરાને વર્ષો સુધી સાચવી રાખીએ અને નવી પેઢીને તેના મૂળ સ્વરૂપથી અવગત કરાવીએ. આ કાર્યશાળામાં નૃત્ય વિભાગના વિદ્યાર્થીઓ ઉપરાંત વડોદરાના ગરબા રસિકો અને વિદેશી વિદ્યાર્થીઓ પણ મોટી સંખ્યામાં ઉત્સાહભેર જોડાયા હતા. વિદ્યાર્થીઓએ જણાવ્યું હતું કે, અનુભવી કલાકાર પાસેથી તાલીમ મેળવવી એ એક વિશેષ શૈક્ષણિક અનુભવ રહ્યો હતો. આ કાર્યક્રમનું સંકલન વૈભવી રાજહંસ દ્વારા કરવામાં આવ્યું હતું, જ્યારે ડો. પ્રીતિ દામલે કન્વીનર હતા. સમગ્ર વર્કશોપ વિભાગના અધ્યક્ષ પ્રો. ડો. સ્મૃતિ વાઘેલા અને ડીન પ્રો. ડો. અજય અષ્ટપુત્રેના માર્ગદર્શન હેઠળ યોજાયો હતો.

